ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*ધોઈ નાખ્યું વિકાસનું મોડેલ મેલ કાઢી !*
*મેટ્રો-બેઝીન અધિકારીઓએ ખેલ કાઢી !*
*બોગસ યોજનાઓની તિજોરીનું સેલ કાઢી !*
*ખોટા પ્રચારથી ગુજરાતનું તેલ કાઢી !*
*(- ગુજરાત નું ઉઠમણું કર્યું)*

હાઈકુ

*ગુજરાતનું -*
*છેદ્યું સારડી વડે -*
*આર્થિક હૃદય...*

*સાચવી બેઠા !*
*છપ્પનની છાતીમાં -*
*છવ્વીસ પ્રશ્નો...*
*(મૌન ગુજરાતના સાંસદો)*

## ચિંતન

**જીવન, જોબન, રાજમદ, અવિચલ રહૈ ન કોય**
**જુ દિન જાય સત્સંગ મેં, જીવન કા ફલ સોય.**

'જોબનિયું આજ આવ્યું કે કાલે જાશે' લોકગીત જેવી આ સાખી ક્ષણભંગુર સંસારની કહે છે. કોઈ લાંબુ જીવે કોઈ ટૂંકું જીવે - જન્મ અને મરણ વચ્ચેનો સમય એટલું જીવન શાશ્વત તો નથી જ. યુવાનીનાં વર્ષો સતત પ્રવૃત્તિમાં વીતા જતાં સમયનો ખ્યાલ રહેતો નથી. જરા - વૃદ્ધત્વની સમસ્યાથી ઘેરાઈ જઈએ ત્યારે યુવાનીમાં વેડફેલો સમય યાદ કરીએ તો તે સમય પાછો આવતો નથી. તે જ રીતે રાજસત્તા કોઈની હંમેશા રહેતી નથી. પૃથ્વી જેમ ભ્રમણ કરે છે. તેમ સત્તા પરિવર્તનો થતાં રહે છે. માનવીને ભૌતિક કે આધ્યાત્મિક સિદ્ધિઓનું પણ અભિમાન થાય છે. કબીર કહે છે કે, સતત પરિવર્તનશીલ પરિસ્થિતિમાં જીવન, યુવાવસ્તા, સત્તા અને ગર્વનો નાશ નિશ્ચિત છે. ત્યારે સત્સંગમાં જે સમયે જાય તે જ સાચું જીવનનું ફળ છે. આ સાખીમાં મૂળ વાત વિવેકની છે. આસાઓનાં મૃગજળ પાછળ દોટ મૂકીએ અને કંઈક પ્રાપ્ત થયું તેનો ગર્વ કરીએ પણ આ ચીજો ઝાંઝવા જેવી છે. અવાસ્તવિક અને અસ્થાયી છે.

## સુવિચાર

- હર શખ્સ અપને ગમ મેં ખોયા હૈ...ઔર... જીસે ગમ નહીં વો કબ્ર મેં સોયા હૈ... - **મુંબઈ સમાચાર**
- જે સમયે મને એમ ખાતરી થાય છે કે હવે મેં જીવતા શીખી લીધું છે તે સમયે જ જીવન બદલાઈ જાય છે - **ખલીલ જિબ્રાન**
- જીવનનુંસાચું માપ વિચાર અને કાર્યથી આંકવું જોઈએ, સમયથી નહીં - **થોમસ એડિસન**
- હું સાંભળું છું એન ભૂલી જાઉં છું, હું જોઉં છું અને યાદ રાખું છું, હું કરું છું અને સમજું છું - **મુન્શી પ્રેમચંદ**
- ડહાપણથી, ઉમદા રીતે અને ન્યાયથી જીવ્યા સિવાય આપણે આનંદથી જીવી શકતાં નથી - **રીચાર્ડ એટનબરો**
- કુદરતમાં અધિકારો હોતાં નથી, માત્ર ફરજો હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : અજીર્ણ હોય તો છાશમાં મરી મીઠું જીરું નાખીને પીવાથી ફાયદો થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આજે શ્રી બાજપાઈ, દિલીપકુમાર કે પ્રમુખ સ્વામીજી મહારાજ જીવંત છે - શ્વાસ લે છે પણ તેમના તરફતી કે તેમને અપાતા એવોર્ડથી એમને કંઈ જ જાણ નથી હોતી - આપણે કદર કરવામાં ખૂબ જ મોડું-ઢીલ કરીએ છીએ. સફળતા-સર્જન નાનું હોય કે મોટું -તાત્કાલિક કદર-પ્રશંસા મળવી જ જોઈએ.

યુલિટ પેકાર્ડ કંપનીમાં ઉત્પાદનમાં કોઈ એક સમસ્યા આવી હતી. બધા ઈજનેરો એક સપ્તાહથી તેને ઉકેલવા મથામણ કરતા હતા.

ચીફ મેનેજર બપોરના સમયે પોતાની ટેબલ પર લંચ લેતા હતા. ત્યાં એક ઈજનેર દોડતો-હાંફતો આવ્યો અને કહ્યું, સર, મને આપણી સમસ્યાનો ઉકેલ મળી ગયો છે.

ચીફ મેનેજરે તેને શું આપવું એની દ્વિધા અનુભવી પણ જરા પણ ખચકાટ વિના પોતાના લંચ બોક્સમાંનું એક કેળું એને આપી હાથ મિલાવ્યા.

સાંજની મિટીંગમાં તેને ડિઝાઈન કરેલ એ જ સોનાંનાં કેળાની પ્રતિકૃતિ અપી - આજે પણ એ કંપની 'ગોલ્ડન બનાના ઈનેવેટીવ એવોર્ડ' માનનીય એવોર્ડ ગણાય છે.

# 'ભારતકુમાર' બની ગયેલા ફિલ્મકારને સર્વોચ્ચ સમ્માન

કચકડાના પડદે પોતાની કળાનાં કામણ પાથરનારા કોઈ પણ કલાકારનું છેલ્લું સ્વપ્ન દાદા સાહેબ ફાળકે એવોર્ડ મેળવવાનું હોય છે. ફિલ્મજગતનું આ સર્વોચ્ચ્ચ સમ્માનછે, જે ભારતના પ્રથમ ફિલ્મસર્જક દાદાસાહેબ ફાળકેની સ્મૃતિમાં એનાયત કરાય છે અને એના કાર્યક્રમ પણ એમની ફિલ્મ 'હરિશ્ચદ્ર'ની પ્રસ્તુતિ થઈ તે જ દિવસે ૩ મે ના રોજ રાખવામાં આવે છે. પરંપરા મુજબ આ એવોર્ડ સમારોહ દિલ્હીના વિજ્ઞાનભવન ખાતે યોજાયો અને દેશના પ્રથમ નાગરિક રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ વ્હીલચેરમાં બેસી, માથે ભગવો ફટકો બાંધીને સમ્માન સ્વીકારવા આવેલ મનોજકુમારને ડાયસ પરથી નીચે ઊતરી ભવ્ય સમ્માનથી નવાજ્યા ત્યારે સાઠીના દશકાથી એ યાદગાર ફિલ્મો જાણે ફરી એક વાર જીવંત થઈ ઊઠી. મનોજકુમારે બાર વર્ષની કાચી વયે દિલીપકુમારની ફિલ્મ જોઈ ત્યારથી તે એવા પ્રભાવિત હતા કે એમણે પૈતૃક ગોસ્વામી પરિવાર દ્વારા મળેલ નામ

## તંત્રીસ્થાનેથી...

ત્યજી દઈ એ ફિલ્મમાં દિલીપ કુમારે જે 'મનોજકુમાર'નું પાત્ર ભજવેલું તે નામ હંમેશને માટે ધારણ કરી દીધું એટલું જ નહીં, એ નામ કાળક્રમે દેશભક્તિની ફિલ્મોને કારણે ભારતીયતાની ઓળખ સમું બની જતાં લોકો એમને 'ભારતકુમાર'ના હુલામણા નામે બોલાવતા થઈ ગયા. એક ફિલ્મી હીરો, જેણે એક્સ્ટ્રા અને ગૌણ પાત્રોથી શરુ કરી 'ભારતકુમાર'ની ઊંચાઈ હાંસલ કરેલ છે, જેણે એના પ્રિય અભિનેતાના પેંગડામાં પગ ઘાલવાની સ્પર્ધાત્મક ઈમેજ રાખવાને બદલે પોતાની આગવી ઈમેજ ઊભી કરવા માટે દેશભક્તિની ફિલ્મોનો દોર શરુ કર્યો હોય અને જથ્થાં કરતાં ગુણવત્તાને જ નજરમાં રાખી સમકાલીન એકટરોએ અઢીસો-ત્રણસો ફિલ્મો કરી એની સરખામણીએ માંડ પચાસેક ફિલ્મો કરીને ક્ષેત્ર સંન્યાસ લીધો હોય એવા એક વિશિષ્ટ ફિલ્મી કલાકારને મોડે મોડે પણ ફિલ્મ જગતના સર્વોચ્ચ સમ્માનથી નવાજવામાં આવે તે જરુરી પણ હતું. મનોજકુમાર આજે વૃદ્ધ, આજાર સ્થિતિમાં હાંસિયે ધકેલાઈ ગયા છે, પરંતુ આજે પણ એમની 'ઉપકાર' અને 'પૂરબ-પશ્ચિમ' જેવી ફિલ્મોનાં ગીતો આપણી સંવેદનાને રણઝણાવી મૂકે છે. 'શહીદ' થી શરૂ કરી 'કાન્તિ' સુધીની એમની યાત્રા દરમિયાન તેઓ જરા જુદા ચોકઠામાં ગોઠવાયેલા ફિલ્મી હીરો રહ્યા છે. એ નથી તો સુપરસ્ટારની ઊંચાઈ આંબી શક્યા કે નથી યુવાનોના હૈયાના હાર બની શકતા. આદર્શવાદની અને રાષ્ટ્રભક્તિની ગળથૂથી એમને પાકિસ્તાનનો ભાગ બની ગયેલા જન્મસ્થાન - માદરેવતન એબટાબાદના ગોસ્વામી પરિવારે પાઈ હતી તો તેમાં ઘી હોવાનું શ્રેય પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીને જાય છે. એમણે મનોજકુમારને બોલાવી પોતે આપેલ સૂત્ર - 'જય જવા, જય કિસાન' પર ફિલ્મ બનાવવા જણાવેલું. એની ફળશ્રુતિ લેખે આપણને 'ઉપકાર' જેવી પ્રશિષ્ઠ ફિલ્મ મળી હતી. મનોજકુમારે 'પહચાન' ફિલ્મમાં ભજવેલું ગામડિયા ગંગારામનું પાત્ર પણ જોનારનું મનમાં વસી જાય એવું હતું. 'બસ યહી અપરાધ મૈં હર બાર કરતાં હૂં, આદમી હૂં આદમી સે પ્યાર કરતા હૂં' એ યાદગાર પંક્તિઓ કોઈ પણ આદર્શવાદી, સીધી લીટીના માનવીને ગણગણવી ગમે, કારણ કે એમાં સામાન્ય માનવીની કઠોર વાસ્તવિકતા વ્યક્ત થઈ છે. મનોજકુમાર સર્વોચ્ચ ફિલ્મી એવોર્ડ કરતાં પણ પોતાને પ્રજાએ 'ભારત' બનાવી દીધા એ પ્રેમ મેળવી ધન્યતા અનુભવે છે. સલામ ભારતકુમાર!

# ઉનાળામાં દુ:ખદાયક – ઊનવા

*છેલ્લા એક અઠવાડિયાથી ખરા ઉનાળાનો અનુભવ થવા લાગ્યો છે. શરુઆતમાં વાદળો ને કારણે થોડી રાહત અનુભવાતી. હવે તે બળબળતો તડકાનું એક ચક્રી શાસન પ્રવર્તે છે. ઉનાળો આવતાની સાથે જ બહુ બધા રોગોનું અચાનક આગમન થઈ જાય છે. તેમાંથી એક એવો રોગ કે જે ખૂબ હેરાન કરે છે તે છે ઊનવા. સંસ્કૃતમાં ઉષ્ણવાત કહેવાતો આ રોગ વિશેષ પ્રમાણમાં તડકો-ગરમી-કસરત આદિ શ્રમ કરવાથી થાય છે. શરીરમાં પિત્તનો પ્રકોપ થઈ તે મૂત્રાશયમાં પહોંચે છે અને વાળુ સાથે મળીને આ રોગ ઉત્પન્ન થાય છે. મૂત્રપ્રવૃત્તિ વખતે ખૂબ બળતરા થાય. મૂત્ર ઓછું આવે, મૂત્ર રતાશ - પીળાશ પડતું હોય. વારંવાર મૂત્રપ્રવૃત્તિ માટે જવાની ઈચ્છા થાય પણ ધાર્યો વેગ ન આવે આદિ ઊનવાના મુખ્ય લક્ષણો છે. અમુક ટીપા જેટલો પેશાબ દાહ સાથે ઉતરે અને ફરી ચારપાંચ મિનિટે પેશાબ જવું પડે અને ત્યારે પણ સાવ થોડો થોડો જ ઉતરે. રાત્રે તો ખૂબ પરેશાન થવાય. જો વિશેષ પ્રમાણમાં પિત્તનો પ્રકોપ થયો હોય તો ક્યારેક પેશાબમાં લોહી પણ પડે.*

*ઊનવા પિતપ્રકોપને કારણએ થતો વ્યાધિ છે આથી પિત્તને કોપાવનારા લક્ષણો જેવા કે તડકાનું સેવન, તીખા-તળેલા પદાર્થોનું સેવન, ખૂબ કસરત, પરિશ્રમ, તડકામાં મુસાફરી કરવી, મદ્યપાન કરવું આદિને કારણે ઊનવા થઈ શકે.*

*આ ઊનવાની સારવાર વિશે વાત કરીએ તો આયુર્વેદમાં ઊનવાના અકસિર ઇલાજો ઉપલબ્ધ છે આહાર-વિહાર અને ઔષધ આ ત્રણેય પર ધ્યાન દઈએ તો ઊનવા મૂળમાંથી દૂર થઈ શકે.*

*સુગંધીવાળો નાખેલ માટલાનું ઠંડી પાણી ખૂબ બધી વખત પીવું, જીરુ અને ગોળ નાખેલું ઠંડુ પાણી પીવું, ગુલકંદ ખાવો, તરમરીયા નાખેલ ઠંડુ દૂધ પીવું, ઠંડા પાથી સ્નાન કરવું, દૂધી, ગલકા, દૂધ, સાકર, મગ, નારિયેળ, જુનો ભાત, પરવળ, તાંદળજાની ભાજી આદિ લઈ શકાય.*

*આ ઉપરાંત જેઠીમધ, ગોખરું, શતાવરી અને આમળાનું ચૂર્ણ સરખા ભાગે લેવું. આમળામાંથી બનતું ધાત્રી રસાયણ કે આમલકી રસાયણ પણ યોગ્ય માત્રામાં લઈ શકાય. નારિયેળના પાણી સાથે ધાણા-જીરુ અને ગોળ લેવો, ગોખરું અને ચંદન ઊનવાના ઉત્તમ ઔષધો છે, ગોખરુંનો ઉકાળો કે તેનું ચૂર્ણ નિયમિત રીતે લઈ શકાય. ચંદનને ઘસીને સાકર અને પાણી સાથે પીવું. ચંદનમાંથી તૈયાર થતી ચંદનાદિ વટી પણ નિયમિત રીતે યોગ્ય ડોઝમાં લઈ શકાય. આ ઉપરાંત હરડે, સાટોડી, શરપુંકો, ગોખરું, ધમાસો, ગરમાળાનો ગોળ અને પાષાલભેદ સરખેભાએ લઈ તેનો ઉકાળો કરી*




*લઈ શકાય. રોજ રાત્રે કાળી દ્રાક્ષ પલાળી સવારે તેને છુંદીને પી જવી આ પ્રયોગથી શરીરના પિત્તનું શમન થશે. ખૂબ જ પિત્ત વધી ગયું હોય તો નિયમિતમાત્રામાં કોઈ રેચક યોગ લઈ શકાય. (વૈધની સલાહ અનુસાર)*

*આમ, ઊનવા જેવો પીતદાયક રોગ આયુર્વેદના સરળ-સચોટ ઔષધોથી સંપૂર્ણપણે મટી શકે છે. દવાઓ તેની સાથે ખાવાપીવાની પરેજી અને દિનચર્યામાં થોડો ફેરફાર - આટલું કરીએ તો ઊનવા તો ઠીક બીજા કોઇ પણ રોગો સામે રક્ષણ મેળવી શકાય. જે વ્યક્તિ પિત્તપ્રકૃત્તિની હોય તેઓએ આગોતરા ઉપાયો સ્વરુપે ઉપરવર્ણીય યોગોમાંથી શરીરને અનુકૂળ આવે તેવા યોગો નિયત માત્રામાં ચાલુ કરી દેવા જેથી ઉનાળામાં પિત્તનેદ લગતા ઊનવા કે બીજા કોઈ રોગો થવાનો પ્રશ્ન જ ન રહે.*

- drkedarju@gmail.com

# હાલો ગલૂડાં રમાડવા જી રે!




દરરોજ હું એલાર્મ વાગે તે પહેલાં જાગી જઉં છું. એનું કારણ છે અમારા ઘર સામે રહેતાં પાંચ ગલૂડિયાં. એમાં એક બિલકુલ સફેદ છે. જયારે ચાર કાળાં છે. કાળાં ગલૂડિયાં એકદમ કાળાં નથી, બેનાં પગે પંજા ધોળા છે. બે જણાની પૂંછડીઓનો છેડો માત્ર સફેદ છે. એક કાળું સાવ માંદલું છે. ધોળું પહેલાં મડદાલ હતું પણ હવે જરાક સારું થયું છે. જે બે કાળાં છે એ બહું જબરાં થઈ ગયા છે. એ પેલા મૃતકાયને બહુ હેરાન કરે છે. સફેદને બીજું એક મોટું કૂતરું બહું હેરાન કરે છે એટલે એ તો બિચારું વારંવાર ભાગીને અમારા કંપાઉન્ડમાં આવી જાય છે. ટૂંકમાં આ કૂતરાં પણ માણસની જેમ વારંવાર બાઝ્યા કરે છે, કેવળ ભાષા જુદી હોય છે.

નવરાત્રી પહેલાં એક સફેદ કૂતરી વિયાવા માટે વ્યવસ્થિત જગ્યા



શોધતી હતી. એક દિવસ વહેલી સવારે 'ઊંવા... ઊંવા...' સાંભળીને મારી આંખ ઉઘડી ગઈ ત્યારે જ હું સમજી શક્યો કે આપણા ઘરની આજુબાજુ બાળકોના પ્યારા રમકડાં આવી ગયાં છે. મોડે અજવાળું થયે મેં જોયું તો અમારી પાછળના ચોકઠાવાળા એ મૂકી રાખેલા આરસના પથ્થરો વચ્ચે કૂતરીએ એનું કામ પતાવી દીધું હતું. ધીરે ધીરે આજુબાજુના મકાનોમાં આ વાત ફેલાઈ ગઈ કયાંકથી શીરો આવ્યો, કયાંકથી ઢીલી રાબ આવી, કયાંકથી એકલું દૂધ આવ્યું, આમ કુલ સાત બાળકોની માતાની સુવાવડની સંભાળ શરુ થઈ. હા, કુલ સાત કુરકુરિયાં જન્મ્યા હતા. સાતેસાત જીવી જાત પણ એક ગાડી નીચે કચડાઈ ગયું અને એકને સામેવાળા ડાઘિયાઓએ મારી નાખ્યું. અમે એકનો અગ્નિસંસ્કાર કર્યો અને બીજાને દફનક્રિયા.

આ શ્વાનબાળ માંડ સાતઆઠ દિવસના થયા હશે ત્યાં એક દિવસ એની માતા ગુમ થઈ ગઈ. સાવ નાના બાળકો સાવ નિરાધાર થઈ ગયા. માતાની દેખરેખ અને દૂધ વગર તેઓ કઈ રીતે જીવી શકશે એ મહાપ્રશ્ન હતો. અમારી દીકરીઓએ અને આજુબાજુની માતાઓએ સ્વેચ્છાએ તેમની દેખરેખની કામગીરી સંભાળી લીધી. ઘણીવાર તો ખવરાવનારાની સંખ્યા પણ વધી જતી. પછી અમુક જણે વારા કર્યા. શરુઆતમાં બધા ખાંડવાળું ગળ્યું દૂધ પાતા હતા. થોડા દિવસમાં બધાના વાળ ખરી ગયા. એક જણ તો જાનવરોના ડોકટરનો સંપર્ક સાધી દવાઓ લઈ આવ્યું. ગોળીઓ ખવરાવવા પાછા પેંડા લાવવામાં આવ્યા. કરૂણાનો કોઈ પાર રહ્યો નહીં. કોઈએ કહ્યું કે ગળ્યું દૂધ પાવાથી એમના વાળ ખરી ગયા છે. પછી બધો મોળું દૂધ શરું કર્યું. ખરેખર એની અસર થઈ. હવે કોઈને કોઈ તકલીફ નથી.

શિયાળાના ઠંડા પવનોથી એમને બચાવવા ખુબ જરુરી હતું. બધાએ એકઠા થઈ એક ઘર બનાવ્યું. એમાં ફક્ત ગલૂડિયાં જઈ શકે એટલું નાનું દ્વાર રાખવામાં આવ્યું. જયાં ત્યાં શિયાળો તો કાઢી નાંખ્યો. લોકો કહેતા હતા હોળી લગી જીવે તો પછી વાંધો ના આવે. હવે હોળી તો આ પાંચ જણાએ જોઈ લીધે છે. અત્યારે અમારા સામેવાળાના ઘરનું વિસ્તરણ ચાલે છે. એમની રીતે આવી છે. બધા ઠંડી ઠંડી રેતીમાં એય ને જલસાથી બેઠા છે. એમનું ઘર પડી ગયું છે એની ચિંતા એમને નથી અને અમનેય નથી. હવે તો રખડતાં રખડતાં સામેના રસ્તા સુધી જતા રહે છે. કોઈવાર રસ્તે રસ્તે ઝૂંપડાવાસીઓના મુકામ સુધી જઈ આવે છે. ગાય, બકરું કે કાયરેક રોઝ આવી ચડે તો બધા ભેગા થઈ બહાદુરીપૂર્વક સામા ભસે છે. કોઈ સાવ અજાણ્યા માણસને જુવે તો ભસ્યા વગર રહી શકતા નથી. અરે ભાઈ આ જ તો મુખ્ય કારણ કે મારી વહેલી ઊંઘ ઊડી જવાનું. અજાણ્યા માણસને જુવે ના જુએ અથવા દૂર-દૂરના કૂતરા ભસેના ભસે કે તરત જ એમનું સમુહગાન શરુ થઈ જાય છે, જે એલાર્મના મહત્ત્વને નજીવું બનાવી દે છે.

આ શ્વાસબાળના મિત્રોનો કોઈ પાર નથી. અમારા મકાનથી થોડેક છેટે એક ભાડૂઆત આવ્યા છે. એમની નાનકડી પુત્રી પરાણે એની મમ્મીને આ ખડૂકલા પાસે ઘસડી લાવે છે. પાછળની સાઈડે એક ડૉકટરના સાસુ સસરા રહે છે. તેઓ મળવા આવે છે ત્યારે સાથે આવતી નાનકડી જલધિ આ મિત્રોને મળ્યા વગર જતી નથી. કે.જી. વાળા બાળકોની તો મુખ્ય રમત જ આ ગલૂડિયાં રમાડવાની છે. ગલૂડિયાં ય મારા બેટા એવાં જ રમતિયાળ છે. દોડીને આવી પગ ચાટવા માંડે છે. સામેવાળાની ભાણી વૈષ્ણવી તો પહેલાં એના પિતા પાસે દૂધની કોથળી લેવરાવે છે અને પછી જ મામાના ઘરે આવે છે. પહેલાં કુરકુરિયાં જોડે રમી લે છે પણ નાનીના ખોળામાં જાય છે. કુરકુરિયાં મોટાં જરુર થયાં છે, પરંતુ રમવાનું હજુ ભૂલ્યાં નથી.

રોજ સવારે છ વાગ્યે એક બહેન દૂધ લેવા નીસરે છે. એમને જોતાં જ આ નટખટો પૂંછડી પટપટાવતા ઊભા થઈ જાય છે. એમની પાછળ છેક દૂધવાળા પાસે જાય છે અને વાંહેવાંહ પાછા આવે છે. જેવાં પેલાં બહેન દૂધની કોથળી વાસણમાં ઠાલવે છે, પાંચેય જણાં ઊંધુ ઘાલી ચટાપટ દૂધ પીવા માંડે છે, પાંચ જણાને એક થેલી દૂધ પીતા કેટલી વાર? બે મોટા કૂતરાં પણ પેંધ્યા છે. ઘણીવાર આ બાળકોને ભસીને ભગાડી દઈ પોતે દૂધ પી જાય છે. એમની વૃત્તિ અસલ આપણા શોષણખોરો જેવી છે. એમનાથી બચાવવા અમારાથી બનતા પ્રયત્નો અમે કરીએ છીએ. પરંતુ સદ્કૃત્યો બહુ ઓછા સફળતાને વળે છે. એવો આ દુનિયાનો અનુભવ છે.

અત્યારે તો આ ગલૂડિયાં મનને ખુબ આનંદ આપે છે પણ મોટા કૂતરાં થઈ જશે પછી આ વિસ્તારને કાયમી અશાંત વિસ્તાર જાહેર ન કરવો પડે તો સારું. આપણા લાડીલા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ જેટલા સરસ દેશદાઝના ગીતો લખ્યાં છે એટલાં જ સુંદર બાળગીતો લખ્યાં છે. એમનું એક ગીત 'હાલો ગલૂડાં રમાડવા જી રે!' ઘણાની સ્મૃતિમંજુષામાં હશે. આજે એનો આનંદ આપના બાળકોને આપીએ.

**હાલો ગલૂડાં રમાડવા જી રે!**

કાળુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં, ચાર કાબરાં ને ચાર ભૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!
માડીને પેટ પડી ચસ! ચસ! ધાવે, વેલે ચોંટ્યા જેમ તૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!
માતાને માથડે ચડતાં ને ચાટતાં, જોગણના જાણે લટૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!
રાતાં માતાં ને રોમે રોમે સુવાળાં, હોય મીઠાં ગાલ-મસૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!
બાને વા'લા છે જેમ વીરો ને બેની, કાળવીને વા'લા કુરકુરિયાં જી રે!
હાલો ગલૂડાં રમાડવા જી રે!
મોટો થાશે ને મારી શેરી સાચવશે, જાગશે રાતે બહાદુરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!
ટીપુડો દીપુડો ડુંગરડે ઘુમશે, ગોધેન ભેળા વોળાવિયા રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!
મોતિયો ને માનિયો ઝોકે રોકાશે, વાછરું ને પાડરું ભળાવિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!
ડાઘિયો ડૂઘિયો ખેતરમાં જાશે, વાસુ રે'શે બે રખોડિયા રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!
કાળિયો ને લાળિયો પાદર પસાયતા, બાઉ! બાઉ! આલબેલ બોલિયા રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!
ગોળ-ઘી-લોટના શેરા બનાવ્યા, કાળવીનાં પેટડાં પૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!
પેટ ભરીને માડી બાળક ધવરાવે, ધાવીને પોઢે ટીપૂડિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

**- ઝવેરચંદ મેઘાણી**

# સફળતા મેળવવા સાથે વયને કઈ લેવા દેવા ખરી?

પગભર છો તમે, હવે આગળ તમારું કામ,
રસ્તો બનો તમારો, તમારી દિશા બનો.
દુનિયાના બંધનોથી જો હો ફટ છૂટવું 'મરીઝ',
બસ આજથી તમે જ તમારા ખુદા બનો!

●●●

'પુસ્તક પરબ'ના ઠેકે નગરના સાહિત્ય-રસિકો મળ્યા હતા. મોકળા મને સૌ સાહિત્યિક ચર્ચા કરી રહ્યા હતા. ત્યાં જ આ અભિયાનના સંચાલક તેમજ નવોદિત કટાર લેખક મને ઉદ્દેશીને કહે, ''આપણે લખવામાં બહુ મોડા નથી પડ્યા. દુનિયાના અનેક વિરલ માનવરત્નોએ જીવનના પાંચેક દાયકા પસાર કર્યા બાદ અપ્રતિમ વિકાસ સાધ્યો છે - ને - યશસ્વી કાર્યો કર્યા છે!''- આ વાત સાચી છે.

સફળતા મેળવવા સાથે વયને કઈ લેવા દેવા ખરી? આવો પ્રશ્ન મનમાં ઉગે ત્યારે તેના જવાબમાં કેટલાક ઉદાહરણો આપી શકાય.

મિત્રો, અમારા ગામડાઓમાં જૈફ ઉંમરે પણ કડે ધડે ને સતત પ્રવૃત્તિમય રહેતા અનેક કૃષિરત્નો મેં જોયા છે. અભાવોની વચ્ચે અનોખા ઉમંગથી જીવતા આ અદના આદમીઓને મેં સાવ નજીકથી ભાળ્યા છે! તમે પણ કદાચ નિહાળ્યા હશે.

વર્ષો પહેલાં ક્યાંક વાંચવામાં આવેલું કે પર્વતારોહણ સંસ્થાના એ સમયના વડા તેનસિંગે જાહેર કર્યું કે જે કોઈ ઈચ્છે તે શિખર-આરોહણના કાર્યક્રમમાં ભાગ લઈ શકે છે. ભૂપાલસિંગ નામના સાઠ વર્ષના શેરપાએ આ માટે અરજી કરી. એ દાર્જિલિંગમાં હતો એટલે તેનસિંગે તરત જ મુલાકાત માટે બોલાવી લીધો, પૂછ્યું; ''તમારી ઉંમર કેટલી?'' ''મારી વયને આપણી વાત સાથે શુ લેવા દેવા છે? મને પર્વતારોહણમાં રસ છે એટલું જ શું પૂરતું નથી?''

સાઠ વર્ષ એ કોઈ મોટી ઉંમર નથી એની પ્રતીતિ કરાવતા ભૂપાલસિંગ જેવા કેટલાય 'યુવાન ડોસા' મળી આવશે. આ લોકો એમ સાબિત કરી આપી શકે તેમ છે કે હાડના સાચા માણસને ઘડપણ ક્યારેય સ્પર્શતું નથી.

એક વડીલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઝંપલાવ્યું ત્યારે એમનો પૌત્ર કહે, ''દાદા, હવે આ ધમાલમાં ના પડવું જોઈએ તમારે.''

''સેવાના ક્ષેત્રને તું ધમાલ કહે છે?''

''એટલા માટે કે તમે એમાં સફળ નહિ થઈ શકો.''

''મારી ઉંમરની તું વાત કરે છે ને?'' સફળતા વન વટાવ્યા પછી પણ શરુ થઈ શકે એની તને ખબર નથી લાગતી એ જ સાબિત કરવા માગું છું.''

આવો ઉત્સાહ હોય અને અંતરથી કઈક સાબિત કરવાનું મન હોય ત્યારે એવા વાર્ધક્યને કોઈ રોકી ના શકે. એના આનંદ-ઉલ્લાસના ફુવારામાં બધું જ છંટાઈ જાય. આપણે ત્યાં કમાણી રળવા આવેલા પરપ્રાંતીઓનો ઉત્સાહ ને જુસ્સો જોઈએ ત્યારે ઘડીભર એમ થાય કે આ બધું એમને ગળથૂથીમાંથી જ મળ્યું છે કે કેમ?!!

ગ્રાન્ડમા મોઝીઝ નામના એંસી વર્ષના વૃદ્ધાએ એટલી મોટી ઉંમરે ચિત્રકામની પીંછી હાથમાં લઈ દુનિયાને ચકિત્ત કરી નાખેલી આવા તો અનેક મહાપુરુષો જિંદગીના પાંચ-છ-સાત-દાયકા વટાવ્યા પછી મહાન બનેલા! એ અગાઉ એમને કોઈ ઓળખતું ય નહીં એમના પાડોશીઓ તો ઠીક ખુદ એમને ય ખબર ન હોતી કે એ લોકો આગળ જતા શું કરવાના છે. સાવ સામાન્ય જણાતા આ લોકોમાં એવો તો શો ઝબકારો થયો કે એ એકદમ બદલાઈ ગયા. ઝુકાવ્યું અને સફળ થઈ ગયા. આટલી મોટી ઉંમરે સફળતા મેળવી એનો અર્થ એ કે એમનામાં કોઈક તો નવી પ્રક્રિયાનો આરંભ થયો જ હશે. એમણે મનમાં ગાંઠ વાળી કે સફળ થવું છે ને એ સફળ થઈ ગયા. એમણે નક્કી કર્યું કે મહેનત કરવી છે ને મેદાન મારી ગયા. આ માટે કોઈ ભવ્ય વિધિ વિધાનની એમને જરૂર નહોતી પડી. બસ, ઉંમરને લક્ષમાં લીધા વિના જ પુરુષાર્થ આદરેલો.

મારા સંપર્કમાં આવેલા આવા એકાદ-બે વડીલોને મેં પૂછ્યું કે ''તમને થાક નથી લાગતો?''

''શા માટે લાગે? મનમાં નક્કી કર્યુંછે કે આ કામ કરવું એટલે બસ!''

માણસ દઢ સંકલ્પ કરે તો એણે માટે કશું જ અઘરું-અશક્ય નથી. જગતમાં ગાળેલો સમય ને સફળતાને કઈ લેવાદેવા નથી. એ પૂરવાર કરતાં અનેક ઉદાહરણો મળી આવશે. આવા કૃતનિશ્ચયી માણસો વિચારવા માટે મજબૂર કરે છે કે ''મોટી ઉંમર'' એ શબ્દ જ સાવ બનાવટી છે. ''મોટી અને નાની ઉંમર'' એ બેય સાપેક્ષ શબ્દો છે. છતાં મિત્રો ઉંમરની સાથે સ્વાસ્થ્ય પણ એટલું જ મહત્વનું છે. શરીર પચાસનું હોય અને સ્વાસ્થ્ય પચીસ ત્રીસ વરસ જેટલું સબળ હોય એમ પણ બને. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સાતેક દાયકાની વયે ૩૬૬ કિ.મી.ની દાંડીયાત્રા યોજી મક્કમ મને ચાલ્યા ને બ્રિટીશ સલ્તનતને લૂણો લગાડી હચમચાવી. વિકસતા વિજ્ઞાને માણસની આયુમર્યાદા વધારી છે. આ બધું અહીં કહેવાનું તાત્પર્ય તો એ જ કે ઉંમર વિશેના ખોટા ખ્યાલો મનમાંથી હડસેલી દો. આજે અસંખ્ય યુવા-ચેતનાઓ અકાળે વૃદ્ધ બનેલી જોવા મળે ત્યારે હૈયું ખેદ અનુભવે છે. મન માંદુ થાય એ ન પરવડે,




''મન કે હારે હાર, મન કે જીતે જીત.'' થાકેલા શરીરને અક્કડ ફક્કડ વસ્ત્રો પહેરાવી દેવાથી ટટ્ટાર ઉભું રહી શકે ખરું? પહેલું સુખ તે જાતે નર્યા - કેમ ખરું ને મિત્રો?!! બીજું એવું પણ છે કે દિમાગનો ઉપયોગ કદાચ આનાથીયે વિશેષ મહત્વનો ગણાય. મોટે ભાગે મોટી ઉંમરે દિમાગ ચલાવવાનું જ બંધ કરી બેસે ને નુકસાન ભોગવે એમાં નવાઈ પામવા જેવું શું?

તથાગત બુદ્ધ પાસે કિન્તુ નામનો એક વૃદ્ધ શ્રેષ્ઠી આવ્યો ને કહેવા લાગ્યો. ''મને જીવનના ચિર ઉલ્લાસનું રહસ્ય કહો. કેટલાક વર્ષો સુધી આ વિષે ઊંડો વિચાર કર્યા બાદ અહી આવ્યો છું.''

તથાગતે હસીને કહ્યું ; ''વિવેકી વાણી તો તું જાણે જ છે. એટલે કોઈ પણ ઉંમરે ચિર ઉલ્લાસ જાળવવાનું એક રહસ્ય તને મળેલું છે જ.''

''બીજું રહસ્ય કહો'' ''સભર પ્રેમ એ બીજું રહસ્ય''

''તારી આટલી પ્રૌઢ વયમાં પણ તું પ્રેમથી સભર રહીશ તો તારે હજારે વહાણે વેપાર ખેડવો હશે તોયે ખેડી શકીશ. મુક્તહાસ્ય એ સભર પ્રેમનું જ પ્રગટ્ય જ છે.''

''તથાગત, આ ઉપરાંત મારે બીજું શું કરવું જોઈએ?''

''ઉચિત શ્રમ લેવાનું કદી ભૂલીશ નહિ. તારા બહોળા વાણિજ્યની મને ખબર છે. શ્રમ ચૂક્યો તો તારાં હજારે વહાણ ડૂબી જશે.''

''શ્રમ તો હું પૂરતો લઉં છું''

''પૂરતો વિશ્રામ લે છે કે નહિ એ પણ જોવું પડશે. ફક્ત અને ફક્ત શ્રમ જ કરતો રહીશ તો તારાં વહાણ જે ધન કમાવી લાવશે એનો ઉપયોગ કરવા માટે જીવતો નહિ રહે યા ભોગવવા શક્તિમાન નહિ બને વળી કમાણી એકલો ના ખાતો, શક્ય તેટલું દાન કરતો રહેજે.

મિત્રો, આ વાર્તાલાપમાં કોઈપણ વયે જીવનને સફળ બનાવવાની સુંદર ચાવીઓ આપી છે. બીજી પણ કેટલીક જોઈએ. પ્રાર્થના એ એક એવી ચાવી છે જેનો કોઈપણ ઉંમરે ઉપયોગ થઈ શકે.

અનુસંધાન પાના નં. ૭ પર